# અમદાવાદમાં યુએસનું વાણિજ્ય દૂતાવાસ ખૂલશે

## આગામી દિવસોમાં અમદાવાદ અને બેંગલુરુમાં પણ US વાણિજ્ય દુત્તાવાસ ખોલે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે

અમદાવાદ, તા.૨૨

જગતજમાદાર તરીકે વિશ્વમાં જાણીતા અમેરિકા પણ હવે ભારતની મહત્વતા સમજી ગયું છે. અમેરિકા જતા ભારતીય નેતાનું હવે ખુબ જ ઉત્સુક્તા સાથે ભાવભર્યું સ્વાગત પણ કરવામાં આવી રહ્યું છે. હાલ વડાપ્રધા નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે છે ત્યારે અમેરિકા તરફથી લાખો ગુજરાતીઓ માટે એક ખુશ ખબર સામે આવી છે. અમેરિકા જવા ઈચ્છતા ભારતીયોમાં ગુજરાતીઓનું પ્રમાણ વધારે હોય છે ત્યારે હવે અમદાવાદમાં જ અમેરિકા પોતાનું એક વાણિજ્ય દુતાવાસ ખોલવામાં આવી શકે છે, આ દુતાવાસ ખુલવાથી ગુજરાતી લોકોને અમેરિકાના વિઝા માટેના કામ માટે મુંબઈના ધક્કા નહીં ખાવા પડે. અમેરિકામાં દર વર્ષે દુનિયાભરમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે પહોંચે છે. જેમાંથી ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધુ છે. મોટી સંખ્યામાં અરજીઓ આવતાં અમેરિકા જેતે દેશમાં વાણિજ્ય દુત્તાવાસ ખોલે છે. ભારતમાં પણ હૈદરાબાદ, ચેન્નઈ, મુંબઈ અને કોલકત્તામાં અમેરિકાના વાણિજ્ય દુતાવાસ આવેલા છે. હવે આગામી દિવસોમાં અમદાવાદ અને બેંગલુરુમાં પણ જી વાણિજ્ય દુત્તાવાસ ખોલે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે જ્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ હતા ત્યારે ગુજરાત સરકારે ત્રણ વખત અમદાવાદમાં અમેરિકન વાણિજ્ય દુત્તાવાસ ખોલવા માટે અરજી કરી હતી. પરંતુ હવે આ મુદ્દે અમેરિકાની સરકારે નિર્ણય લેવા મુદ્દે ચર્ચા કરી લીધી છે. એક અમેરિકન અધિકારીના જણાવ્યા પ્રમાણે અમેરિકામાં અભ્યાસ કરતાં વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ટૂંક સમયમાં જ સૌથી વધુ થઈ જશે. તો અમેરિકામાં ભારતના હાલ ન્યૂયોર્ક, સાન ફ્રાન્સિસ્કો, શિકાગો, હ્યુસ્ટન અને એટલાન્ટામાં પાંચ દુત્તાવાસ કાર્યરત છે.

# સામાન્ય માનવીની રજૂઆતોનો સંવેદનાપૂર્ણ અભિગમથી ત્વરાએ નિકાલ લાવવા મુખ્યમંત્રીની સૂચના

## મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સામાન્ય માનવીની ફરિયાદો,





રજૂઆતોનું સંવેદનાપૂર્ણ અભિગમથી ત્વરાએ નિરાકરણ લાવવા રાજ્યના જિલ્લા વહીવટી તંત્રવાહકોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

આવા રજૂઆત કર્તાઓએ પોતાની રાવ-ફરિયાદ લઈને ગાંધીનગર સુધી આવવું જ ન પડે અને જિલ્લા કક્ષાએ જ સમસ્યાનું યોગ્ય નિવારણ થઈ જાય તેવી અપેક્ષા તેમણે સ્વાગત ઓનલાઈનના રાજ્યકક્ષાના સ્વાગત દરમ્યાન વ્યક્ત કરી હતી.

નાગરિકો, પ્રજાવર્ગોની રજૂઆતો, ફરિયાદોનો ટેક્નોલોજીના માધ્યમથી ઉકેલ લાવવા માટે ગુજરાતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈનના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને અરજદારોને પ્રત્યક્ષ સાંભળ્યા હતા.

ગુજરાતને ફાળવાયેલા ૨૦૨૨ની બેચના ૯ પ્રોબ્રેશનરી આઇ.એ.એસ યુવા અધિકારીઓ આજે મુખ્યમંત્રીશ્રીના રાજ્ય સ્વાગત ઓન લાઈન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ પ્રજાજનો ,નાગરિકોની રજૂઆતો જે પોઝિટિવ એપ્રોચથી ઉકેલતા હતા તે જોઈને અને સમજીને તેમની ફિલ્ડ તાલીમની પ્રથમ શરુઆત કરી હતી.

દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતના આ ઉપક્રમમાં આ ગુરૂવાર તા.૨૨ મી જૂને ૧૨ જેટલી રજૂઆતો મુખ્યમંત્રીશ્રી સમક્ષ વિવિધ જિલ્લાના રજૂઆત કર્તાઓએ કરી હતી.

લઘુ અને નાના ઉદ્યોગકારો, પિયત સહકારી મંડળીઓ, ગેરકાયદે દબાણ વગેરેની સમસ્યાનું ત્વરાએ સમાધાન થાય તે માટેના દિશાનિર્દેશો મુખ્યમંત્રીશ્રીએ આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરિયાકાંઠા વિસ્તારો સહિત જે જિલ્લાઓમાં બિપરજોય વાવાઝોડાની અસર પહોંચી છે ત્યાં થયેલી નુકશાનીનો પ્રાથમિક સર્વે ઝડપભેર પૂર્ણ કરવાની સૂચનાઓ આપી હતી.

એટલું જ નહિ, વરસાદ અને ચોમાસાની સ્થિતી પૂર્વેના આગોતરા આયોજન અંગે પણ તેમણે જિલ્લાના કલેક્ટરશ્રીઓ સાથે વાતચીત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્ય સ્વાગતમાં રજૂ થયેલી ૧૨ અને જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્વાગતની મળીને જૂન મહિના દરમ્યાન ૬૪૪૧ રજૂઆતો મળી હતી તે પૈકીની ૫૫૨૬ રજૂઆતોનો સંબંધિત તંત્રવાહકો દ્વારા નિકાલ કરી દેવાયો છે.

આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ૨૦ લાખની લૂંટમાં ફરિયાદી જ આરોપી નીકળ્યો

## ફરિયાદી ખુદ લૂંટારૂ હોવાનું સાબિત થયું છે પોતાના ઉપર દેણું વધી ગયું હોવાથી આ પ્લાન બનાવ્યો હોવાની કબૂલાત કરી છે

જામનગર, તા.૨૨

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રંગપર ગામ પાસેથી બે દિવસ પહેલાં એક યુવાનને લૂટી લેવામાં આવ્યો હોવાનું પ્રકરણ સામે આવ્યું હતું, જેના પરથી પોલીસે પડદો ઉચકી નાખ્યો છે અને ફરિયાદી ખુદ લૂંટારૂ હોવાનુ સાબિત થયું છે પોતાના ઉપર દેણું વધી ગયું હોવાથી આ પ્લાન બનાવ્યો હોવાની કબૂલાત કરી છે. આ મામલે જામનગર એસપી પ્રેમસુખ ડેલુએ જણાવ્યું કે, જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રંગપર ગામમાં રહેતો અને ખેત ઉત્પાદનની વસ્તુઓનું લે-વેચનું કમિશનથી કામ કરતો અવેશ ખીરા નામનો યુવાન કે જેણે પોતાની આંખમાં બે લૂંટારોએ આવીને મરચાની ભૂકી નાખી ૨૦ લાખની રકમ લઈને ભાગી છૂટ્યા હોવાની ફરિયાદ મેઘપર-પડાણાં પોલીસ મથકમાં નોંધાવી હતી.

તેમણે જણાવ્યું કે, યુવકની ફરિયાદના આધારે જામનગરની એલસીબી, એસઓજી અને મેઘપર પડાણા પોલીસ સ્ટેશનની ટીમ સહિતની ટીમે તપાસ શરૂ કરી હતી. આખરે ફરિયાદીની ઉલટ તપાસ કરતાં જાતે જ લૂંટારૂ બન્યો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસથી વધુ પૂછપરછ દરમિયાન પોતાને ખેડૂતના બિયારણના લેતી દેતીના પૈસા ચૂકવવાના બાકી હતા, જેથી પ્લાન જાતે જ બનાવ્યો હોવાનું કબૂલ્યું હતું. જે રોકડ રકમ લઈને રસ્તે આવ્યા પછી આંખના બહારના ભાગે મરચાની ભૂકી છાંટી દીધી હતી. ત્યારબાદ આંખની અંદર નુકસાન ન થાય તે રીતે ભૂકી છાંટી હોવાનું કબૂલી લીધું. ત્યારબાદ હાથમાં રહેલો રોકડ રકમ ભરેલો થેલો કે જેનો પટ્ટો તોડી નાખ્યો હતો અને થેલાને નજીકના વિસ્તારમાં જમીનમાં દાટી દીધો હતો. જે તપાસ પછી પોલીસ તે સ્થળે પહોંચી હતી અને ખાડો ખોદાવતાં તેની અંદરથી તમામ રોકડ રકમ મળી આવી હતી. તપાસના આખરે લૂંટની ઘટનાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને ફરિયાદીની અટકાયત કરી લેવામાં આવી છે.

# શાળા પ્રવેશોત્સવની સફળતા ટીમવર્કને આભારી : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ ને મળેલી સફળતા રાજ્ય સરકારના અધિકારીઓ, પદાધિકારીઓ અને શિક્ષકો-વિદ્યાર્થીઓ, વાલીગણ સૌના સહિયારા ટીમવર્કને આભારી હોવાનો સ્પષ્ટ મત દર્શાવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બિપરજોય વાવાઝોડા સામે જે ટીમવર્કની સામૂહિક તાકાતથી ગુજરાત મુકાબલો કરીને હેમખેમ પાર ઉતર્યુ તેવી જ ટીમવર્ક ભાવના શિક્ષણ સેવાના આ યજ્ઞમાં સૌએ દર્શાવી છે તે પ્રસંશનીય છે.

મુખ્યમંત્રીશ્રી શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ માં સહભાગી થયેલા પદાધિકારીઓ, વરિષ્ઠ સચિવો અને અધિકારીઓના આ પ્રવેશોત્સવ દરમ્યાનના અનુભવોના આદાન-પ્રદાન માટે યોજાયેલી બેઠકમાં સંબોધન કરી રહ્યા હતા.

શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર ઉપરાંત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવશ્રી રાજકુમાર પણ આ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આ શાળા પ્રવેશોત્વમાં જે-તે ગામોની કે શાળાઓની મુલાકાત દરમ્યાન અથવા જીસ્ક્ર સાથેની બેઠક દરમ્યાન ધ્યાને આવેલી બાબતોનું ડૉક્યુમેન્ટેશન થાય તે ઈચ્છનીય છે.

આવું ડૉક્યુમેન્ટેશન સંબંધિત વિભાગો સાથે સંકલન સાધીને જે-તે શાળાઓમાં ત્રૂટિઓ દૂર કરી સુવિધા-સગવડ આપી સારૂં પરિણામ મેળવવામાં મદદરૂપ થશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું કે, શાળાની મુલાકાતે ગયેલા અધિકારીઓ પોતાના સાચા-સારા અનુભવો વ્યક્ત કરીને ભવિષ્યના પ્રવેશોત્સવ માટે ઉપયોગી મહત્વપૂર્ણ સૂઝાવ આપે તે અપેક્ષિત છે.

# આ વર્ષની ગીરસોમનાથ, કેરીની સીઝન સત્તાવાર રીતે પૂર્ણ

## ૬૩ દિવસ ચાલી કેરીની સીઝન : તાલાલા માર્કેટિંગ યાર્ડમાં થઈ હતી, ૩૦૦ ટન જેટલી કેરીની નિકાસ વિદેશમાં નોંધાઈ છે

ગીરસોમનાથ, તા.૨૨

આ વર્ષની કેરીની સીઝન સત્તાવાર રીતે પૂર્ણ થઈ છે. ૬૩ દિવસ દરમિયાન ૧૦ કિલોના ૧,૧૩,૫૪૦ જેટલા બોક્સની આવક તાલાલા માર્કેટિંગ યાર્ડમાં થઈ હતી. ૩૦૦ ટન જેટલી કેરીની નિકાસ વિદેશમાં નોંધાઈ છે. કમોસમી વરસાદ અને રોગ જીવાતની સાથે અન્ય પ્રતિકૂળ પરિસ્થિતીની વચ્ચે સારું ઉત્પાદન હોવા છતાં પણ ખેડૂતોને કેસર કેરીના પોષણક્ષમ ભાવ નહીં મળતા ગીર પંથકનો ખેડૂત કેરીના ભાવને લઈને ચિંતીત બન્યો છે. જે કેરીની નિકાસ વિદેશમાં કરવામાં આવી છે તેના બજાર ભાવો પ્રમાણમાં ખૂબ સારા મળ્યા છે. જેને લઈને જે ખેડૂતોની કેરી વિદેશમાં નિકાસ થઈ છે. તે વર્ગમાં ખુશી જવા મળે છે પરંતુ સ્થાનિક બજારમાં કેરીના સરેરાશ બજાર ભાવ ૪૨૫ ની આસપાસ જોવા મળ્યા છે જેને લઈને ખેડૂતોમાં ચિંતા જોવા મળે છે. તો કચ્છમાં વાવાઝોડાને લઈને કેરીના પાકનું કચ્ચરઘાણ નીકળ્યું છે.

આ વર્ષે આંબામાં મોર આવવાનું પ્રમાણ ત્રણ તબક્કામાં જોવા મળ્યુ હતું પ્રથમ અને બીજા તબક્કામાં આવેલા મોરને કમોસમી વરસાદ અને અન્ય પ્રતિકૂળતાને કારણે નુકસાન થયું હતું. જેને કારણે ત્રીજા તબક્કામાં આવેલા મોર પર કેરીનું આવરણ થયું હતું જેને કારણે કેરીની સીઝન ૬૩ દિવસ સુધી લંબાયેલી જોવા મળી આ વર્ષે કેરીની સીઝનની શરૂઆત એક અઠવાડિયા વહેલી શરૂ કરવામાં આવી હતી.

આવકમાં બમ્પર વધારો પરંતુ સરેરાશ બજાર ભાવો નીચા જોવા મળતા પુષ્કળ ઉત્પાદનની વચ્ચે બજાર ભાવોને લઈને ખેડૂતોમાં કોઈ ખાસ વિશેષ ઉત્સાહ જોવા મળતો નથી. ઉત્પાદન વધવાની સાથે કમોસમી વરસાદ અને રોગ જીવાતની સાથે અન્ય પ્રતિકૂળ પરિસ્થિતીની વચ્ચે સારું ઉત્પાદન હોવા છતાં પણ ખેડૂતોને કેસર કેરીના પોષણક્ષમ ભાવ નહીં મળતા ગીર પંથકનો ખેડૂત કેરીના ભાવને લઈને ચિંતીત બન્યો છે.

આ વર્ષે ૩૦૦ ટન જેટલી કેસર કેરીની નિકાસ લંડન, કેનેડા સહિત યુરોપના દેશોમાં કરવામાં આવી છે જે પૈકી ૧૦૦ ટન કેસર કેરીની નિકાસ તાલાલા માર્કેટિંગ યાર્ડ દ્વારા યુરોપના દેશોમાં કરવામાં આવી છે તો બીજી તરફ ૨૦૦ ટન ની આસપાસ કેસર કેરીની નિકાસ ખેડૂતો દ્વારા એજન્સીઓના સહકારથી વિદેશમાં કરી છે જે કેરીની નિકાસ વિદેશમાં કરવામાં આવી છે તેના બજાર ભાવો પ્રમાણમાં ખૂબ સારા મળ્યા છે જેને લઈને જે ખેડૂતો ની કેરી વિદેશમાં નિકાસ થઈ છે તે વર્ગમાં ખુશી જવા મળે છે પરંતુ સ્થાનિક બજારમાં કેરીના સરેરાશ બજાર ભાવ ૪૨૫ ની આસપાસ જોવા મળ્યા છે જેને લઈને ખેડૂતોમાં ચિંતા જોવા મળે છે.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી નિરંજન લેબોરેટરી કંપનીના પ્લાન્ટમાં ભીષણ આગ લાગી

## આખો પ્લાન્ટ આગની ઝપેટમાં આવી ગયો : સદનશીબે ઘટનામાં કોઈ જાનહાની નોંધાવા પામી નથી



અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી નિરંજન લેબોરેટરી કંપનીના પ્લાન્ટમાં ભીષણ આગ લાગી હતી. ઘટનામાં આખો પ્લાન્ટ આગની ઝપેટમાં આવી ગયો હતો કંપનીનો પ્લાન્ટ ૧૫ દિવસથી બંધ હોવાથી સદનશીબે ઘટનામાં કોઈ જાનહાની નોંધાવા પામી નથી

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી નિરંજન લેબોરેટરી કંપનીના પ્લાન્ટમાં ભીષણ આગ લાગી હતી. ઘટનામાં આખો પ્લાન્ટ આગની ઝપેટમાં આવી ગયો હતો

આગની ઘટના ડ્રોનને કેમેરાએ પણ કેદ કરી હતી જેમાં આગનું વિકરાળ સ્વરૂપ નજરે પડ્યું હતું. ગણતરીની સમયમાં આખી કંપની અગનગોળામાં પરિવર્તિત થઈ હતી હતીઆગ એટલી વિકરાળ હતી કે કાળા ધુમાડાનું જાણે આવરણ નજરે પડ્યું હતું. પવનની દિશામાં કંપનીઓ ધુમાડાના વાદળ તળે ઢંકાઈ હતી. અહીં છાંયડા જેવા દ્રશ્યો નજરે પડ્યા હતા

કંપનીને અડીને આવેલી શ્રમજીવીઓની વસાહતમાંથી તણખલું નિરંજન લેબોરેટરી કંપનીમાં પડ્યું હોવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે

ઘટના બાબતે પોલીસ અને ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ સહિતની એજન્સીઓએ તપાસ હાથ ધરી છે. સદનશીબે ઘટનામાં કોઈ જાનહાની નોંધાવા પામી નથી.

# સુરત એરપોર્ટ પર શારજહાંથી આવતી ફ્લાઈટમાંથી દાણચોરી ઝડપાઈ

## પટ્ટા તથા ટ્રોલી બેગમાં અલગ અલગ રીતે સંતાળવામાં આવેલું ૬૦ લાખ રૂપિયાનું સોનું કબજે કર્યું છે

સુરત, તા.૨૨

સુરત શહેરના એરપોર્ટ પરથી લાખ્ખો રૂપિયાની દાણચોરીનો કિસ્સો સામે આવ્યો છે. કસ્ટમ વિભાગના અધિકારીઓએ શારજહાંથી સુરત આવતા વિમાનમાં એક મુસાફર પાસેથી આંતરવસ્ત્રોમાં પાવડર સ્વરૂપે સોનાની દાણચોરી કરતા હોવાની વિગતના આધારે તેની તપાસ કરતા તેના પટ્ટા તથા ટ્રોલી બેગમાં અલગ અલગ રીતે સંતળવામાં આવેલું ૬૦ લાખ રૂપિયાનું સોનું કબજે કર્યું છે. જ્યારે સુરત શાહજહાં ફ્લાઈટ દાણચોરો માટે આશિર્વાદરૂપ હોય તેવી ઘટના દર અઠવાડિયે સામે આવે છે.

ડાયમંડ સિટી સુરતના હીરા ઉદ્યોગને કારણે ઘણાં સમય પહેલાં શારજહાંની એક ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવામાં આવી હતી. આ ફ્લાઈટ જાણે દાણચોરો માટે આશિર્વાદરૂપ બની હોય તેવા કિસ્સા દર અઠવાડિયે સામે આવતા હોય છે.

કસ્ટમ વિભાગને શારજહાંથી આવતી ફ્લાઈટમાં પાવડરનું સોનુ હોવાની બાતમી મળી હતી. તેના આધારે કસ્ટમ વિભાગે તપાસ શરૂ કરી હતી. ત્યારે એક યુવકના પેન્ટના કાળા કલરના બેલ્ટ તથા તેની ટ્રોલીની તપાસ કરતા તેમાંથી સોનાનો પાવડર મળી આવ્યો હતો. જો કે, આ ઘટના જોઈ કસ્ટમ વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

યુવકની વધુ તપાસ શરૂ કરતાં તેને આંતરવસ્ત્રોમાં પણ સોનું છુપાવ્યું હોવાની વિગતો સામે આવતા તમામ વસ્તુ એકત્ર કરતા અંદાજિત ૬૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. શારજહાંથી અઠવાડિયામાં એક વખત સુરત આવતી ફ્લાઈટમાં જાણે ચોર આ પ્રકારે સોનાની મોટા પ્રમાણમાં તસ્કરી કરતા હોય તેવી વિગતો સતત કસ્ટમ વિભાગને મળતી હોય છે અને આવા લોકોને કસ્ટમ વિભાગ પકડી પાડતી હોય છે.

# કામરેજના ગલતેશ્વર મંદિર નજીક નદીમાં નહાવા પડેલા ૩ યુવાનો ડૂબ્યા, ૧નું મોત

## ફાયર વિભાગે ઘટના સ્થળે આવીને પીયુષની નદીમાં શોધખોળ હાથ ધરી હતી, લાશ તાપી નદીમાંથી મળી

સુરત, તા.૨૨

સુરતના કામરેજમાં ગલતેશ્વર મંદિરની પાછળ નદીમાં નહાવા પડેલા ૩ યુવાનો ડૂબ્યા હતા. જેમાં એક યુવાનનું મોત થયું છે. જેમાં ઘટનાની વિગત મુજબ સુરતના ડીંડોલી ખરવાસા રોડ પર રહેતા રમાકાંતભાઈ રાધેશ્યામ દુબે શાકભાજીના વેપારી છે. તેઓનો ૧૮ વર્ષીય પુત્ર પીયુષ વરાછા ખાતે રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો.

ગત ૨૧ જુનના રોજ પીયુષ તેના મિત્રો ચંદ્રેશ, અભિષેક, નીતીશ સાથે કામરેજ ખાતે આવેલા ગલતેશ્વર મંદિરની નજીક સ્વીમિંગ પુલમાં નહાવા માટે ગયા હતા. જેમાં પરંતુ સ્વીમીંગ પુલ બંધ હોવાથી ચારેય મિત્રો મંદિરની બાજુમાંથી પસાર થતી તાપી નદીના કિનારે નાહવા ગયા હતા જ્યાં પીયુષ, અભિષેક અને ચંદ્રેશ ત્રણેય જણા નદીમાં નહાવા પડયા હતા.

આ દરમ્યાન તેઓ ઊંડા પાણી સુધી પહોચી જતા ત્રણેય યુવાનો ડૂબવા લાગ્યા હતા જેથી બુમાબુમ થતા સ્થાનિક માછીમારો ત્યાં આવી ગયા હતા અને ચંદ્રેશ અને અભિષેકને બચાવી લીધા હતા જયારે પીયુષ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

બીજી તરફ બનાવની જાણ પીયુષના પરિવારને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા જયારે પોલીસ અને ફાયર વિભાગે ઘટના સ્થળે આવીને પીયુષની નદીમાં શોધખોળ હાથ ધરી હતી. દરમ્યાન આજે પીયુષની લાશ તાપી નદીમાંથી મળી આવી હતી.

પીયુષના મોતને લઈને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. વધુમાં પીયુષના પિતા શાકભાજીના વ્યવસાય સાથે સંકળાયેલા છે જયારે તેને એન ૧૪ વર્ષની નાની બહેન અને ૭ વર્ષનો એક નાનો ભાઈ છે. આ મામલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### કેદની સજા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંદર્ભે જૈમિનભાઈને વકીલ મારફતે નોટીસ આપવામાં આવી હતી જયારે નોટીસના અંતે પણ તેમણે લેંણી રકમ પરત કરી ન હતી જેના અંતે આરોપી સામે વકીલ મારફતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની પાંચમા એડીશ્નલ ચીફ જયુ મેજીની કોર્ટમાં ચાલી જતા બન્ને પક્ષકારોની દલીલોને ધ્યાને લઈને જજ આર એમ કલોત્રાએ આરોપી જૈમિન પટેલને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને દંડ ભોગવવા પણ આદેશ કર્યો છે.

### ડાયમંડ આપ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવે છે જેણે તેના જીવનના ૮૦ વર્ષ અને ૮ મહિના પૂર્ણ કર્યા છે. યુએસ પ્રમુખ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેન વડાપ્રધાન મોદીને ૨૦મી સદીની શરૂઆતની એન્ટિક અમેરિકન બુક ગેલેરી, વિન્ટેજ અમેરિકન કેમેરા, જ્યોર્જ ઈસ્ટમેનની પ્રથમ કોડક કેમેરા પેટન્ટનો રેકોર્ડ, અમેરિકન વાઈલ્ડલાઈફ રોબર્ટની એકત્રિત કવિતાઓની પ્રથમ આવૃત્તિ પુસ્તક ભેટમાં આપી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. અહીં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ દરમિયાન પીએમ મોદી અને જો બિડેન હસતા જોવા મળ્યા હતા. વર્જીનિયામાં નેશનલ સાયન્સ ફાઉન્ડેશનના હેડક્વાર્ટરમાં પીએમ મોદીએ કહ્યું, "અમે શાળાઓમાં લગભગ ૧૦,૦૦૦ અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરી છે, જેમાં બાળકોને અનેક પ્રકારની નવીનતાઓ માટે તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવી રહી છે." યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે અમે 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન' શરૂ કર્યું છે. અમારો ઉદ્દેશ્ય આ દાયકાને તકનીકી દાયકા બનાવવાનો છે. આ પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફર્સ્ટ લેડી જીલ બિડેન સાથે યુએસની તેમની રાજ્ય મુલાકાત દરમિયાન વર્જિનિયાના એલેક્ઝાન્ડ્રિયામાં નેશનલ સાયન્સ ફાઉન્ડેશનના મુખ્યાલયની મુલાકાત લીધી હતી.

### હસી પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંકેત છે. તે બાદ પીએમ મોદીનું બાઈડન અને જિલ સાથે ફોટો સેશન થયું હતું. આ દરમિયાન પણ બાઈડન સાથે તેમની વાતચીત યથાવત્ રહી હતી. બાઈડન પીએમ મોદીને ફરી એકવાર કહેતા સંભળાયા હતા કે 'વેલકમ ટુ લોન્ગ જર્ની. પીએમ મોદીએ વાતચીત દરમિયાન કોઈ એવી વાત કહી હતી, જે બાદ તેઓ ખૂબ હસ્યા હતા. આખરે એવી તો શું વાત થઈ કે મોદી આટલા ખડખડાટ હસ્યા? કેમેરામાં બંનેની વાતચીતનો હિસ્સો કેદ થયો હતો. જિલે પીએમ મોદીને કંઈક વાત કહી. તેના જવાબમાં મોદી કહેતા સંભળાયા કે 'હું તો પ્લાન કરી રહ્યો હતો... પરંતુ મેં સાંભળ્યું કે તમારી પ્રેસ કોન્ફરન્સ આવી ગઈ છે'. તે બાદ મોદી ખૂબ હસ્યા, તેમના આ અંદાજ પર બાઈડન અને જિલ પણ હસવાનું રોકી શક્યા નહીં

# ગુજરાતી યુવક-યુવતી દિલ્હી એરપોર્ટ પર ઝડપાયા

## નકલી પતિ-પત્ની બનીને કેનેડા જવા નીકળેલા : યુવક-યુવતીનો મૂળ પ્લાન કેનેડા પહોંચ્યા બાદ ત્યાંથી ગમે તેમ કરીને બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં ઘૂસી જવાનો હતો

અમદાવાદ, તા.૨૨

નકલી પતિ-પત્ની બનીને કેનેડા જવા નીકળેલા એક ગુજરાતી યુવક-યુવતીની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના એક ગામનો ૨૬ વર્ષનો હાર્દિક પ્રજાપતિ અને અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષની હિરલ પટેલ છેડછાડ કરાયેલા પાસપોર્ટ પર કેનેડા જઈ રહ્યાં હતાં. ચોંકાવનારી વાત એ છે કે તેમણે ચેન્નઈથી વાયા દિલ્હી થઈ ટોરેન્ટો જતી ફ્લાઈટમાં પોતાના સમગ્ર પ્રવાસનું ચેક-ઈન પણ કરી લીધું હતું.

જોકે, ચેન્નઈ એરપોર્ટ પરથી ટેક-ઓફ થયેલી તેમની ફ્લાઈટ દિલ્હી લેન્ડ થઈ ત્યારે એરલાઈનના સ્ટાફને શંકા જતાં આ બે પેસેન્જર અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. એરપોર્ટ પરથી પકડાયેલા આ ગુજરાતી યુવક-યુવતીનો મૂળ પ્લાન કેનેડા પહોંચ્યા બાદ ત્યાંથી ગમે તેમ કરીને બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં ઘૂસી જવાનો હતો. ૧૪ જૂનની આ ઘટનામાં એરલાઈન તરફથી માહિતી મળ્યા બાદ પોલીસે હાર્દિક અને હિરલની તપાસ કરતાં તેમની પાસેથી મળેલા પાસપોર્ટ છેડછાડ કરાયેલા હોવાનું બહાર આવ્યું હતું.

કેનેડાના બે અને અમેરિકાના એક એજન્ટે હિરલ અને હાર્દિક માટે પાસપોર્ટની વ્યવસ્થા કરી હતી, જે ખરેખર તો મૂળ પંજાબના લુધિયાણાના અને માર્ચ ૨૦૨૩માં કેનેડા સેટલ થઈ ગયેલા એક કપલના હતા. જેમનું નામ શિવાની બંસલ અને સની બંસલ હોવાનું જાણવા મળ્યું હતું, ૩૭ વર્ષની આસપાસની ઉંમર ધરાવતું આ કપલ ૨૯ માર્ચે વર્ક પરમિટના આધારે ઈન્ડિયાથી કેનેડા ગયું હતું. હિરલ અને હાર્દિકને અમેરિકા મોકલવાનું કામ હાથમાં લેનારા એજન્ટોએ પંજાબી કપલના પાસપોર્ટ ગમે તેમ કરીને ઈન્ડિયા મોકલી દીધા હતા, અને તેમાં છેડછાડ કરીને હિરલ અને હાર્દિકને નકલી પતિ-પત્ની બનાવી કેનેડાની ફ્લાઈટમાં બેસાડી દીધા હતા.